+

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૧૭–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં સેલ્ફ ડીફેન્સ વિશે વાર્તાલાપ તથા શોર્ટ ફિલ્મનું સ્કિનિંગ યોજાયું.

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના ઉપક્રમે સેલ્ફ ડીફેન્સ અને ત્રાસવાદ વિશેની ટૂંકી ફિલ્મ **'વી શેલ ઓવરકમ'** નું સ્કિનિંગ કરવામાં આવ્યું હતુ તથા એ વિશે વાર્તાલાપ યોજાયો હતો.

વડોદરાની એનજીઓ ઈ–પ્લસ ફાઉન્ડેશનના શ્રીમતી યશસ્વિની ટેમ્બે ધ્વારા લિખિત અને નિર્મિત આ ફિલ્મમાં ત્રાસવાદ અને સ્વબચાવના વિષયને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો છે. ત્રાસવાદના ખતરાથી ડરી જવાને બદલે સ્વબચાવ માટે જાગૃત થવાની જરૂરતનો મુદદો આ ફિલ્મની વાર્તામાં વણી લૈવાયો છે.ફિલ્મના સ્કિનિંગ બાદ ત્રાસવાદ અને સ્વબચાવ વિશે ના વાર્તાલાપ તથા પ્રેઝન્ટેશનમાં પણ ઘણી ઉપયોગી વાતો જાણવા મળી હતી.

કાર્યક્રમના આરંભમાં ચેમ્બર પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરી પોતાના આવકાર વકતવ્યમાં કહયું હતું કે, ત્રાસવાદ વિશે વાતો અને ચર્ચાઓ ઘણી થાય છે પરંતુ એનો અમલ ઓછો જોવા મળે છે.ત્રાસવાદ સામેની લડાઈમાં બધાએ સહભાગી થવાની જરૂર છે.સ્વબચાવ એ મહત્વની બાબત છે.

વડોદરાની એનજીઓ ઈ–પ્લસ ફાઉન્ડેશનના શ્રીમતી યશસ્વિની ટેમ્બેએ ફિલ્મની રજૂઆત બાદ એ ફિલ્મના નિમાર્ણની રસપ્રદ વાતો કરી હતી અને એમાં  તેમને મળેલા સહકાર તથા વડોદરા એરફોર્સ બેઝની ભુમિકાનો પણ ખાસ ઉલ્લેખ કર્યો હતો.આ ફિલ્મનું સૌથી વધુ સ્ક્રિનિંગ થાય એવા પ્રયાસો અમે કરીએ છીએ. ત્રાસવાદ એ આજની સૌથી મોટી અને ધ્યાન ખેંચનારી બાબત છે.તેમ છતાં એના તરફ ઓછું ધ્યાન અપાય છે.આપણે બધાએ એ વિશે જાગૃત થવાની અને લોકોને જાગૃત કરવાની જરૂર છે.એની શરૂઆત આપણે સ્વરક્ષણથી કરવાની છે. સ્વરક્ષણ માટેની તાલીમ બધાને મળી શકે એવી ગોઠવણ થવી જોઈએ.તેમણે વિદ્યાર્થીઓએ એન.સી.સી. અને સ્કાઉટની તાલીમમાં જોડાઈ જવા અનુરોધ કર્યો હતો.તેમણે પોતાના અનુભવોની વાતો પણ કરી હતી.શ્રોતાઓના પ્રશ્નોના પણ તેમણે સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

કાર્યક્રમના અંતે ગુપચેરમેનશ્રી હેતલ મહેતાએ આભારવિધિ આટોપી હતી.